# ગાંધીનગર સાહિત્યસભા પ્રથમ વખત એમનો સાહિત્યસભર દીપોત્સવી અંક પ્રકાશિત કરશે

ગાંધીનગર તા. ૨૪
ગાંધીનગર સાહિત્યસભા છેલ્લાં ૨૩ વર્ષથી ગુજરાતી સાહિત્ય માટે કાર્યરત છે. કોરોના વૈશ્વિક મહામારીના કારણે અચાનક મળેલા બોનસ સમયમાં ગાંધીનગર સાહિત્યસભાના ઘણા સભ્યોની સર્જન શક્તિ ખીલી ઊઠી હતી. એને પુસ્તકરૂપે સંપાદિત કરી અને દીવાળી સુધી દીપોત્સવી અંકના રૂપમાં સાકાર કરવાનો સંકલ્પ ગાંધીનગર સાહિત્યસભાએ કર્યો છે.

આ દીપોત્સવી અંકમાં માત્ર ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોની રચનાઓનો સમાવેશ કરવામાં આવશે. સભ્યો ગદ્ય અથવા પદ્ય કોઈપણ એક વિભાગમાં ફક્ત એક જ સ્વરચિત, મૌલિક અને અપ્રગટ કૃતિ મોકલી શકશે. પદ્યમાં ગીત, ગઝલ, હાઈકુ, સાઈજીકી, અછાંદસ વગેરે અને ગદ્યમાં નવલિકા, લઘુકથા, માઈક્રોફિક્શન, લેખ, નિબંધ, નાટક વગેરે ૬૦૦ શબ્દોની મર્યાદામાં મોકલી શકશે. કૃતિઓની પસંદગી ગુણવત્તાને આધારે થશે. એની સ્વીકૃતિનો સંપૂર્ણ અધિકાર સંપાદક મંડળ પાસે રહેશે. સર્જકે એની કૃતિ યુનીકોડ કે શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને, જોડણી વ્યાકરણ પ્રૂફ કરીને તાજેતરના ફોટો સાથે સાહિત્યસભાના ઈમેલ આઈડી gsahityasabha@gmail.com ઉપર મોકલવાની રહેશે. રચના રૂબરૂ કે ટપાલ દ્વારા કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

ગાંધીનગર સાહિત્યસભાસભા એનો પ્રથમ દીપોત્સવી અંક લાભપાંચમના દિવસે વિમોચિત કરશે એમ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે જણાવ્યું છે. જે સર્જક પોતાની રચના મોકલવા માંગતા હોય અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય ન હોય તો તેઓ પ્રથમ સભ્યપદ મેળવીને પણ રચના આપી શકશે. સભ્ય પદ માટે પ્રચાર પ્રસાર પ્રતિનિધિ શ્રી અજય રાવલનો સંપર્ક મોબાઈલ નંબર ૯૭૨૩૧૩૨૮૯૨ કરવાનો રહેશે. તમારી રચના ૧૮ ઓક્ટોબર સુધી મોકલી આપવાની રહેશે ત્યારબાદ આવેલી રચનાનો સમાવેશ શક્ય બનશે નહીં, જેની સર્વે સભ્યોએ નોંધ લેવા વિનંતી છે.




# દિલ્હીના ગુજરાતી લેખકના પહેલા જ પુસ્તકને મળ્યો ભારે ઉમળકાભર્યો આવકાર મળ્યો



ગાંધીનગર,તા. ૨૪
'માણસ સામાન્ય રીતે તેની ઉંમરથી ઘરડો થતો નથી પરંતુ એના વિચારોથી અને એના વર્તનથી વૃદ્ધ થઈ જાય છે. ઉંમર તો માત્ર શારીરિક બદલાવની બાબત છે પણ માણસ એક ઉંમર પછી આ ન ખાવાય, આ ના પહેરાય એવું વિચારતો થઈ જાય છે ત્યારે જ તેને વહેવારીક અર્થમાં ઘડપણ આવેલું કહેવાય, બાકી તો યોગ્ય સમયે જે કામ કરવાનું છે એ કરે એ વ્યક્તિ સદા યુવાન જ રહે છે.' દિલ્હીના અગરની ગુજરાતી વડીલ વિનોદ પટેલે આ ઉદગાર રવિવારે યોજાયેલ એક ઓનલાઈન સભામાં વ્યક્ત કર્યા. દિલ્હીમાં નોર્થેક્ષ લોજિસ્ટિક્સ ટ્રાન્સપોર્ટેશન સાહસ કંપનીના ચેરમેન/મેનેજીંગ ડિરેક્ટર મનોજ બારોટના પુસ્તક 'ભીતરના ભણકારા' વિષે ચર્ચાગોષ્ઠિના કાર્યક્રમમાં પટેલે કહ્યું કે લક્ષ્મી અને સરસ્વતીનો સંગમ કોઈ વિરલ વ્યક્તિઓમાં હોય છે પણ બારોટમાં સંસ્કારના સ્વામી એટલે કે ગણેશજીનો પણ એમ ત્રિવેણી સંગમ જોવા મળે છે.

દિલ્હીના ગુજરાતી લેખકને પોતાના પહેલા જ પુસ્તક માટે વાચકોનો ભારે આવકાર મળ્યો હોય એવો આ અપૂર્વ અવસર હતો. પુસ્તકમાં વર્ણિત લેખકના સ્વાનુભવો વિશે એક અવલોકન નોંધતાં સાધના વ્યાસે જણાવ્યું કે સચોટ અને વિના કશા નકામા વિસ્તાર વિના આલેખાયેલા આ પુસ્તકમાં મનોજભાઈના નિખાલસ અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિનું પ્રતિબિંબ મળે છે. વૃદ્ધત્વ આવે એવું સ્વીકારી લેવાની હિમાયત કરતાં લેખક જણાવે છે કે જીવનમાં મઝા લેવાનો ખરો સમય એટલે વૃદ્ધાવસ્થા. બારોટના પરમ મિત્ર રમેશ મહેતાએ કહ્યું કે

# શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન ગણેશ મેકિંગ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર તા. ૨૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે બી પ્રાથમિક શાળામાં શ્રી ગણેશ ચતુર્થી નિમિત્તે ધોરણ-૪ થી ૮ના બધા વર્ગોના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન 'ગણેશ મેકિંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ મહોત્સવની ઉજવણીના ભાગરુપે શાળા દ્વારા યોજાયેલ અનોખી ગણેશ મેકિંગ સ્પર્ધામાં ધોરણ-૪ થી ૮ના બધા વર્ગોના કુલ ૧૨૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના ઘરે રહી 'કલા-શિક્ષકો'ના માર્ગદર્શન અને માતાપિતાના સહયોગથી વૃક્ષોના વિવિધ આકારના પાદડાઓ પુષ્પ અને ફેવિકોલ વગેરે સાધન-સામગ્રીનો ઉપયોગ કરી સુંદર 'શ્રી ગણેશ'ની સર્જનાત્મક કૃતિઓ બનાવી હતી. તેમાંથી ત્રણ નંબર આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા નીવાબેન બી પટેલે આ સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન તથા શ્રીગણેશ મહોત્સવ નિમિત્તો શુભેચ્છાઓ પાઠવી હતી.

# એસ જી અને એસ વી અંગ્રેજી પ્રાથમિક શાળામાં ઓનલાઈન ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવવાની પ્રવૃત્તિ થઈ



ગાંધીનગર તા. ૨૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી.,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓન લાઈન ધોરણ ૧ થી ૮, ના વિદ્યાર્થીઓ માટે ગણેશ ચતુર્થી નિમિત્તે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવવાની પ્રવૃત્તિ થઈ. વિદ્યાર્થીઓને મૂર્તિ કેવી રીતે બનાવવી એના માટે તેમના whatsapp ગ્રુપમાં સ્નેહલ મેડમ અને પંકજ સર દ્વારા ડેમો વીડિયો બનાવીને મુક્યા હતા તેમાંથી માર્ગદર્શન મેળવીને વિદ્યાર્થીઓએ પોતાની કળાનું પ્રદર્શન કર્યું હતું.આ પ્રવૃત્તિમાં ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓએ પાંદડાથી અને ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ માટીની મૂર્તિ બનાવી હતી. વિદ્યાર્થીઓની સર્જનાત્મક કળાનું પ્રદર્શન થાય તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન થયું હતું.વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં આનંદથી ભાગ લીધો હતો.

# ગૂજરાત વિદ્યાપીઠની યુવા સ્વાભિમાની શિષ્યવૃત્તિ દ્વારા યુવા સ્વાવલંબનનો અનોખો કાર્યક્રમ હાથ ધરાયો



ચિલોડા, તા. ૨૪
બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠની યુવા સ્વાભિમાન શિષ્યવૃત્તિ દ્વારા યુવા સ્વાવલંબનનો અનોખો કાર્યક્રમ છેલ્લા ૬ વર્ષથી ચાલી રહ્યો છે. જેમાં આર્થિક પછાત જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને શિક્ષણકાર્યની સાથે સાથે દર શનિ અને રવિવારના દિવસોની રજામાં ૮ થી ૧૨ કલાક ઉત્પાદકીય શ્રમકાર્ય આપવામાં આવે છે. ઉત્પાદકીય શ્રમકાર્ય કરનાર વિદ્યાર્થીભાઈઓ - બહેનોને એક કલાકના રૂપિયા ૪૦ પ્રમાણે શ્રમમૂલ્ય આપવામાં આવે છે.

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બી.એ. અને એમ.બે વિદ્યાશાખાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં જરૂરિયાતવાળા ૧૯ વિદ્યાર્થીઓ અને બહેનોને રૂપિયા ૫૯૦૦૦ શિષ્યવૃત્તિ પેટે આપવામાં આવ્યા હતા. આ શિષ્યવૃત્તિનો ઉપયોગ વિદ્યાભ્યાસ દરમિયાન થતાં ખર્ચાઓમાં કરી ગૂજરાત વિદ્યાપીઠનો વિદ્યાર્થી સ્વમાનભેર સ્વાવલંબી જીવન જીવતાં શીખે છે. ગૃહપતિ મહોનભાઈ પટેલની દેખરેખ હેઠળ, ગૃહમાતા વસંતી પરમાર અને સ્મીતા ગામીતના સહકારથી વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને વર્ષ દરમિયાન યુવા સ્વાભિમાન શિષ્યવૃત્તિનો લાભ મળ્યો. ગૂજરાત વિદ્યાપીઠના કૃષિસચિવ ડૉ. ભરતભાઈ જોષીના સહકારથી અને આદરણીય કુલનાયક ડૉ. અનામિકભાઈ શાહની અનુમતીથી ગૂજરાત વિદ્યાપીઠની યુવા સ્વાભિમાન શિષ્યવૃત્તિ યુવા સ્વાવલંબનનો અનોખો કાર્યક્રમ સતત ચાલી રહ્યો છે.

# એસ કે પટેલ સ્કૂલમાં ઓનલાઈન મડ એક્ટિવીટી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર તા. ૨૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ સ્કૂલમાં શિક્ષિકાઓએ ઓનલાઈન મડ એક્ટિવીટી કરાવડાવી હતી. તથા મડ એક્ટિવીટીનો વીડિયો પણ બનાવીને મોકલ્યો હતો. જેમાં બાળકો તથા વાલીઓએ સારો એવો રિસ્પોન્સ આપ્યો હતો, તેઓએ મડના ગણપતિ, રસોડા સેટ, તથા અન્ય રમકડાઓ બનાવીનો તેના ફોટા મોકલ્યા હતા. આમ બાળકોએ આ એક્ટિવીટીમાં ખુબ જ મજા માણી હતી.

# જેસલમેર મેરિયટ રીસોર્ટ એન્ડ સ્પા સપ્ટેમ્બર ૨૦૨૦થી ગુજરાતી મહેમાનોને ફરીથી આવકારવા માટે સજ્જ છે

અમદાવાદ, તા. ૨૪
રણનો અફાટ વિસ્તાર, સમૃદ્ધ રાજપૂત સંસ્કૃતિની મોહક ઝલકનું મૂર્ત સ્વરૂપ, કાળના બંધનોમાં સમાયેલા ઈતિહાસનો શણગાર અને કિવદંતી જેવા લોકો જેસલમેરને સાચા અર્થમાં રાજસ્થાનનું સૌથી મોટું પ્રવાસનસ્થળ બનાવે છે. જેસલમેર એ છેલ્લાં ઘણાં સમયથી ફરવાના શોખીન ગુજરાતીઓ માટેનાં સૌથી મનપસંદ પ્રવાસનસ્થળો પૈકીનું એક રહ્યું છે અને સપ્ટેમ્બર મહિનામાં જેસલમેર ઈતિહાસના ત્રિભેટે આવીને થંભી ગયેલા શહેરના ઉત્તમ વારસા સમાન છે, જ્યારે અહીં આવેલા



વિઘ્નહર્તા ગણપતિજીના તહેવાર ગણેશ ચતુર્થીના શુભ દિને એએફવી રેસીડન્સી ખાતે ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. મોટા ચિલોડા પાસે દેવગણ રોડ ખાતે એએફવી રેસીડન્સી આવેલ છે જ્યાં ડીફેન્સ, એરફોર્સ, આર્મી, નેવી પેરામીલેટ્રી ફોર્સ માટે સિનીયર સિટીઝન નિવૃત્તિ આવાસ આવેલ છે. જ્યાં ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે ગણેશજીની સ્થાપના કરવામાં આવેલ અને પૂજા - આરતી પણ કરવામાં આવે છે.




મેરિયટ રીસોર્ટ એન્ડ સ્પા ફરીથી ખુલી રહ્યું હોવાથી ગુજરાતમાંથી આવનારા મહેમાનોને ઉત્તમ સેવાની તથા મહેમાનોના સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને સલામતી અંગેના મેરિયટ ઈન્ટરનેશનલના ચુસ્ત પ્રોટોકોલની સાથે મેળ ખાતા વૈભવની ખાતરી આપવામાં આવે છે. આ શહેરોના પ્રત્યેક ખૂણામાં પ્રવાસના વૈવિધ્યસભર અનુભવો નાટકીય ઢબે અંકાયેલા છે. આલીશાન કિલ્લાઓ એ ભવ્ય મહેલો આ ભૂમિ પર વર્ષો સુધી રાજ કરનારા આ રજવાડાની સમૃદ્ધિ અંગે વાત કરે છે.શહેરમાં હવે ધીમે-ધીમે દૈનિક પ્રવૃત્તિ ફરીથી શરૂ થઈ રહી છે અને વિરામ લેવાની તાતી જરૂરિયાત વર્તાઈ રહી છે ત્યારે વિશ્રાંતિ તરફના તમામ માર્ગો જેસલમેર મેરિયટ રીસોર્ટ એન્ડ સ્પા તરફ દોરી જાય છે. જેસલમેર મેરિયટ રીસોર્ટ એન્ડ સ્પા રાજસ્થાનની તમામ ભવ્યતાને પ્રતિબિંબિત કરે છે.

# જન્મદિને વધામણી



ભરતભાઈ પંડ્યા
(સિટી એન્જિનિયર, મનપા)
મો. ૯૮૯૮૧ ૪૭૦૭૨



નૂપુર સોની
લાયોનેસ ક્લબ



દિપક એમ ગાંધી
મો. ૯૮૨૫૦ ૬૮૧૩૪



જીગર ત્રિવેદી
મો. ૯૮૯૮૩ ૧૮૮૧૫



તેજસ પટેલ
મો. ૯૯૦૪૦ ૮૦૦૩૫



રિતેષ રાવત
મો. ૯૬૬૨૪ ૪૭૬૬૩



કાર્તિકેય સોબતી
મો. ૯૪૨૭૬ ૨૬૬૯૬



જીયા ઉપેશકુમાર સોલંકી
મો. ૯૬૬૨૬ ૮૮૭૫૬



ભવ્યાબા ધર્મેન્દ્રસિંહ મહિડા
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨



પટેલ રક્ષિત
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨